# ભલે ભાજપ જીતે કે કોંગ્રેસ પણ ગુજરાત હારવું ના જોઈએ

આવતીકાલે ફેંસલો આવશે. ગુજરાતમાં પુનરાવર્તન થશે કે પરિવર્તન..?! રાજ્યભરમાં ચોરે ને ચૌટે ચર્ચાઓ ચાલે છે. રાજકીય પંડિતો ગણિત માંડીને બેઠા છે. વિશ્લેષકો સમીકરણો ગણાવે છે. રાજકીય પક્ષો દાવાઓ કરે છે. સટ્ટાબજારના બુકીઓ સટ્ટો ખેલે છે અને પાનના ગલ્લા ઉપર ઉભો ઉભો ગુજરાતી ચર્ચા કરતાં કરતાં ચિંતન આરંભે છે. ક્યાં છે મારી ગુણવંતી ગુજરાત ? ક્યાં છે મારી શાણી ગુજરાત ? ક્યાં છે મારૂ

**તડ ને ફડ**

ખમીરવંતુ ગુજરાત ? ક્યાં છે ?! ક્યાં છે ?! ક્યાં છે?!

... જ્યાં નીચ શબ્દનો ખુલ્લેઆમ ઉપયોગ... હિન્દુ-મિસ્લિમના આટાપાટા... મંદિર-મસ્જિદના પડછાયા... પાકિસ્તાનનું નામ ઘસડાય... માનગઢ હત્યાકાંડનો મુદ્દો... અત્યાચારના વણઝારની વાતો... પટેલ-ઠાકોરના વાડાઓ... કડવા-લેઉવા પાટીદારોના વિભાજનો... પ્રધાનના વાડામાંથી પકડાતો દારૂ... અને પ્રધાનની ગાડીમાંથી પકડાતાં શસ્ત્રો... મત આપવાના ૧૦૦૦ અને મત નહિ આપવાના ૨૦૦૦ જેવી મતદારોની હરાજી... સમાજો-સંસ્થાઓમાં તોડફોડ... નેતાઓની ખરીદીમાં કરોડોના સોદા... દારૂ પી ને છાકટા બનતા ઉમેદવારો... ખુલ્લેઆમ ફરતાં હત્યાના આરોપીઓ... મર્યાદા મુકીને થતી ગાળા-ગાળી... મતદાનની પૂર્વસંધ્યાએ ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ...! ધાકધમકીનો માહોલ... વિશ્વાસઘાતના ઠેર-ઠેર આઘાત... આ અને આવા કેટલાય પ્રસંગો-પરિભાષાઓ... પરિચર્ચાઓએ ગુજરાતને લજવ્યુ છે. બિહાર-યુપી અને બંગાળ જેવા વરવા દૃશ્યો ગુજરાતમાં ભજવાયા તેથી પ્રજા તરીકે માથુ શરમથી ઝુકી જાય છે..! કોણ જવાબદાર છે ?! કેટલું જવાબદાર છે ?! તેની ચર્ચામાં પડ્યા સિવાય પ્રજા તરીકે આપણે સ્વીકારવું પડશે કે મુલ્યનિષ્ઠ રાજનીતિની રમતમાં ગુજરાત હારતું દેખાય છે. સત્ય અને અહિંસાના પુજારી ગાંધીના ગુજરાતમાં વાક્યે-વાક્યે ખોટુ

**હલકી ભાષાનો પ્રયોગ-દારૂની રેલમછેલ અને ધાકધમકીના માહોલથી ગુજરાતની ગરીમા ઝંખવાઈ છે**

બોલાય ત્યારે સ્વીકારવું પડશે કે આ બધી સ્થિતિના નિર્માણમાં બીજુ કોઈ નહિં આપણે જવાબદાર છીએ... આપણે આ બધુ ચાલવા દીધું... મુકપ્રેક્ષક બની જોયા કર્યું... આપણી લાચારી-અસહાયતા અને ઈચ્છાશક્તિના અભાવે આ બધું ચાલવા દીધું ને ચાલતુ જ રહ્યું... ચાલતું જ રહ્યું... વધતું જ રહ્યું... અને વકરતું રહ્યું. આજે ગૌરવશાળી ગુજરાત આ ઘટનાઓથી લજવાઈ રહ્યું છે..!

આવતીકાલે આંકડાની રમતમાં જે જીતે તે... જેને જીતવું હોય તે જીતે... જેને હારવું હોય તે હારે..! પણ અમને જોઈએ છે શાંત ગુજરાત... અમને જોઈએ છે વેપાર-ધંધાથી ધમધમતું ગુજરાત... અમને જોઈએ છે ખમીરવંતુ ગુજરાત... અમને જોઈએ છે અમારૂ પોતાનું ગૌરવવંતુ ગુજરાત..!!

કોંગ્રેસ-ભાજપ જીતે કે હારે એ મહત્વનું નથી. મહત્વનું એ છે કે ગુજરાત હારવું ના જોઈએ..!!

- નિમિત્ત માત્ર

# ગ્રામીણ વિસ્તારોમાં ઝનૂનપૂર્વકનું મતદાન પરિણામ નક્કી કરવામાં મહત્વનું બનશે

**ગાંધીનગર (દ)માં વાંકાનેરડા-૨માં ૯૨.૪૬ તો ડભોડાના એક બુથમાં ૯૧.૬૭ ટકા, કલોલના ભીમાસણમાં ૯૦.૬૪ ટકા, ઈસંડના એક બુથમાં ૯૦.૩૪ ટકા મતદાન નોંધાયું : મોટેરાના એક બુથમાં ૪૫.૫૫ ટકા મતદાન**

ગાંધીનગર, તા.૧૬

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ગ્રામીણ વિસ્તારોમાં થયેલા ઝનૂનપૂર્વકના મતદાનની અસર ચૂંટણીના પરિણામો પર પડશે તેવી ચર્ચા જિલ્લાના રાજકીય વર્તુળોમાં 'ટોક ઓફ ધ પોંઈટ' તરીક ઉભરી આવી છે.

ગાંધીનગર (ઉ)માં આદરજ મોટીના બુથોમાં ૮૦ થી ૮૯ ટકાનું મતદાન, ગાંધીનગર (દ) બેઠક પર વાંકાનેરડા-૨ (નવાપુરા)માં ૯૨.૪૬ ટકા મતદાન ડભોડાના બુથ નં. ૧૩ (બુટાકિયા)માં ૯૧.૬૭ ટકા મતદાન, કલોલ વિધાનસભામાં ભીમાસણ ખાતે નોંધાયેલ ૯૦.૬૪ ટકા મતદાન, ઈસંડ-૧માં નોંધાયેલ ૯૦-૩૪ ટકા મતદાન, ધાનજ-૨માં નોંધાયેલ ૮૯.૯૯ ટકા મતદાન તો સઈજ-૫ (લક્ષ્મીપુરા)માં નોંધાયેલ ૮૯.૧૬ ટકા મતદાન એ ગ્રામીણ વિસ્તારમાં થયેલ ભારે મતદાનના પુરાવા સમાન છે. ગ્રામીણ વિસ્તારમાં ૫૦ ટકાથી ઓછુ મતદાન થયું નથી એટલું જ નહિ શહેરી વિસ્તારનો મતદાર થોડોક ઉદાસીન જણાયો છે. મોટેરાના એક બુથમાં ૪૫.૫૯ ટકા જ મતદાન થયું છે.

ગ્રામીણ વિસ્તારમાં થયેલ ઝનૂનપૂર્વકનું મતદાન ચૂંટણીના પરિણામોમાં મહત્વનું પરિબળ બનશે તેવું હવે રાજકીય પંડીતો પણ સ્વીકારતા થયા છે અને તેથીજ જિલ્લાનું પરિણામ રોચક અને અણધાર્યુ રહેવાના સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

આ વર્તુળો માને છે કે જિલ્લામાં મતદાનની ટકાવારીમાં થયેલો ઘટાડો એ એન્ટી ઈન્કમબન્સીનો જ ભાગ છે અને તે વિજેતા ઉમેદવારને ઓછી અસર કરનારો બનશે. જો કે આ વર્તુળો માને છે કે બંને પક્ષોના ઉમેદવારોને નોટાનો ભય તો સતાવી જ રહ્યો છે તેમજ અપક્ષ અને અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારો જે મત હાંસલ કરશે તેની અસરો પણ પરિણામ પર જોવા મળશે.

જિલ્લાની પાંચેય બેઠક પરનો જંગ રાજકીય રોમાંચ અને ઉત્તેજના સભર બની રહેશે તેમ સૌ સ્વીકારી રહ્યા છે.



# ગાંધીનગરના જ્યોતિષિઓની ચોંકાવનારા પરિણામોની આગાહી

## સોમવતી અમાસના દિવસે સૂર્ય, શનિ અને ચંદ્ર ધન રાશિમાં હોવાથી આંચકાજનક પરિણામના એંધાણ







ગાંધીનગર, તા. ૧૬

ચૂંટણી પરિણામ જાહેર થયા પહેલા ચૌરે ને ચૌટે એક જ ચર્ચા, એક જ સવાલ છે 'તમને શું લાગે છે ?' એક્ઝિટ પોલ અને અન્ય તારણોને આધારે જાતભાતના તર્ક-વિતર્ક કરી રહ્યા છે. ગાંધીનગરના જાણીતા જ્યોતિષશાસ્ત્રીઓએ પણ જાતભાતની ગણતરી કરી તમામ ઉમેદવારોના બીપી હાઈ થઈ જાય તેવા તારણો આપ્યા છે. આવો જાણીએ શું કહે છે ગાંધીનગરના જાણીતા જ્યોતિષશાસ્ત્રીઓ... પરિણામ વિશે...

શહેરના જાણીતા જ્યોતિષના અભ્યાસુ નરેન્દ્રભાઈ શાહે પરિણામ અંગે વાતચીત કરતા જણાવ્યુ કે અમાસના દિવસે મત ગણતરી હોવાથી શાસકપક્ષને ધાર્યુ પરિણામ મળી શકશે નહી. ભાજપની ધન રાશિમાં સૂર્ય અને શનિ સામે હોવાથી નુકશાનકારક બની શકે છે. જેથી ભાજપને પીછેહઠ અનુભવવી પડે. આ ઉપરાંત શાહે જણાવ્યું હતુ કે પ્રધાનમંત્રી અને ભાજપના વડા નરેન્દ્ર મોદીને સાડા સાત વર્ષની પનોતી ઉતરી રહી છે. ત્યારે ઉતરતી પનોતી આંચકાજનક બનતી હોય છે. આમ છતાં કોંગ્રેસના ગ્રહો પણ એટલા પ્રબળ ન હોવાથી પરિણામ કટોકટ આવી શકે છે.

શહેરના જૈન જ્યોતિષના અભ્યાસુ કિશોરભાઈ ત્રિવેદી કહે છે કે સૂર્ય, ચંદ્ર અને શનિ ત્રણેય એક સાથે ધન રાશિમાં ભેગા થતાં ૧૮મીનો દિવસ ચોંકાવનારો બની રહેશે. સોમવતી અમાસે ગ્રહોની સ્થિતિ વિચિત્ર પરિણામો સર્જી શકે છે. રાજકારણમાં મોટી ઉથલપાથલ જોવા મળશે. ભલભલા મહારથીઓને પરાજયનો સામનો કરવો પડશે. પરિણામના આંકડાઓ મતમતાંતર સર્જશે. ન ધારેલા પરિણામો મળી શકે છે. આગામી દોઢ વર્ષ જે પક્ષની સરકાર રચાશે તેના માટે કપરા ચઢાણ રહેશે. મોટા મોટા આંદોલનોનો સામનો પણ કરવો પડશે.

સમગ્ર રાજ્યમાં જ્યોતિષશાસ્ત્રમાં જેમની નામના છે તેવા ગાંધીનગરના પ્રખર જ્યોતિષશાસ્ત્રી અંબારામ પટેલે ચૂંટણીના પરિણામો અંગે વાત કરતા જણાવ્યું કે સૂર્ય-શનિના વિષયોગના કારણે પરિણામો આશ્ચર્યજનક રહેશે. સાથોસાથ શુક્રનો અસ્ત પણ પરિણામમાં મોટો ભાગ ભજવશે. તુલાનો ગુરૂ ચલરાશિમાં અને કર્કના રાહુની પણ પરિણામ પર ઘેરી અસર આવી શકે છે. વધુમાં અંબારામભાઈએ જણાવ્યું હતું કે બધા જ ગ્રહો રાહુ અને કેતુની વચ્ચે છે અને કેતુથી સર્જાતો કાલસર્પ યોગ પણ ચોંકાવનારા પરિણામોના સંકેત આપે છે.

# પાંચ વર્ષમાં ૧૭ ટકા મતદારો વધ્યા પણ મતદાનની ટકાવારી ઘટી

ગાંધીનગર, તા.૧૬

૨૦૧૨ની ચૂંટણી પછી જિલ્લામાં ૧૭ ટકા મતદારોની સંખ્યામાં વધારો નોંધાયો પણ સામાન્ય ચૂંટણીના મતદાનમાં ૩.૮૧ ટકાના ઘટાડાએ સૌને હચમચાવી દીધા છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં મતદાર યાદીમાં ૧૭ ટકા જેટલા નવા મતદારો જિલ્લામાં વધ્યા છે. મહિલા મતદારોનો વૃધ્ધિ દર પુરુષ મતદારના પ્રમાણમાં થોડોક વધુ જોવા મળ્યો છે. જો કે મતદાનમાં પુરુષ મતદાનની તુલનામાં સ્ત્રી મતદારના મતદાનની ટકાવારીમાં ૪ ટકા જેટલો તફાવત જોવા મળી રહ્યો છે.

જિલ્લાની પાંચેય બેઠક પર ૩.૮૧ ટકાનો સરેરાશ ઘટાડો જોવા મળ્યો છે. સૌથી મોટો ઘટાડો માણસા બેઠક પર ૪.૮૧ ટકા જેટલો છે જયારે ગાંધીનગર ઉત્તર બેઠક પર ૩.૨૧ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. સૌથી ઓછો ઘટાડો દહેગામ વિધાનસભા બેઠક પર ૦.૯૮ ટકા નોંધાયો છે.

વધેલા મતદારોની સામે મતદાનની ટકાવારીમાં નોંધાયેલા ઘટાડાએ રાજકીય પંડિતોને રાજકીય આગાહી માટે અસમજંસતાની સ્થિતિ ઉભી કરી દીધી છે.

જિલ્લામાં ૧૩૯ જેટલા નવા મતદાન મથકો પણ બનવા પામ્યા છે. ચૂંટણી વિશ્લેષકો મતદારોની વૃદ્ધિ, મતદાનમાં ઘટાડો અને પ્રથમવાર બનેલા નવા મતદાન

● અનુસંધાન પાન-૭ પર



# ચિલોડામાં રામદેવપીર લીલા ભજવાઈ

ચિલોડાના ગામચોકમાં ભગવાન રામદેવપીરના જીવન ચરિત્ર અંગેની લીલાને નાટક સ્વરૂપે યુવાનોએ સમસ્ત ગ્રામજનો સમક્ષ રજુ કરી ધાર્મિકતાનો માહોલ ઉભો કર્યો હતો. બાબા પીર યુવક મંડળના પંદરથી વીસ યુવાનો સ્ત્રી-પુરૂષના પાત્રોમાં રણુજાના રાજા એવા ભગવાન રામદેવ પીરના જીવનમાં બનેલી તમામ ઘટના અને પરચાઓને અદભૂત રીતે સંગીતના તાલે રજુ કર્યા હતા. ત્રણ દિવસ ચાલેલા આ ધાર્મિક પ્રસંગમાં સમગ્ર ગામ ભગવાની વિવિધ લીલાઓ નિહાળવા ઉમટી પડતુ હતુ. ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનો દ્વારા સમાજમાં ધર્મ પ્રત્યે આસ્થા અને પ્રવૃત્તિ વધે તેવા પ્રયાસો વર્ષો વર્ષથી થાય છે જે પૈકી આ ભગવાન ચરિત્ર પણ ગણાય છે. ગ્રામજનો પણ આ યુવાનોની આ પ્રવૃત્તિને આવકારીને બિરદાવે છે.

# સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરીમાં હજુ બે મહીના થશે

ગાંધીનગર તા ૧૬

શહેરના સેકટરોમાં દિવાળી બાદ માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે બે મહીનાના અંતે હજુ પણ માર્ગ સુધારણાની કામગીરી એક પણ સેકટરમાં સંપુર્ણ પુર્ણ થઈ નથી. સે-૧ થી ૩૦ માં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે આંતરિક માર્ગો આસપાસ પેવર બ્લોકના લીધે માર્ગોનુ લેવલીંગ જાળવીને કામ કરવાનો તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો હોવાનુ પણ જણાંવાયુ છે. ત્યારે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થતા હજુ પણ બે મહીના જેટલો સમય લાગશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના સેકટરોમાં પાંચ વર્ષના લાંબા સમયગાળાના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. ગત ચોમાસા દરમિયાન ભારે વરસાદમાં માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા ખરબચડા માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. સેકટરોમાં આંતરિક વિસ્તારોમાં રહીશો દ્વારા પેવર બ્લોકનુ કામ કરી દેવાતા મોટાભાગના માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. ત્યારે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રથમ લેવલીંગનો વિશેષ ખ્યાલ કરવામાં આવી રહયો છે. માર્ગ સુધારણા દરમિયાન રહીશો પોતાના ઘર પાસે ઉંચાણમાં રસ્તા બનાવાની માંગણી પણ કરી રહયા છે. બમ્પ બનાવવા માટે પણ વારંવાર સ્થળ પર રજુઆતો કરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં તંત્રએ માર્ગ સુધારણાની કામગીરીના વરસાદી પાણીનો ભરવો ન થાય તે માટે યોગ્ય લેવલીંગ કરવાનુ પણ શિરદર્દ સમાન બન્યુ છે.

આમછતા સુત્રોના જણાંવ્યા મુજબ રોડ ચેમ્બરમાં માર્ગોનુ યોગ્ય લેવલીંગ કરવામાં આવી રહયુ છે. જયારે વરસાદી પાણીનો નિકાલ થાય તે મુજબ રસ્તાનુ કામ થઈ રહયુ છે. જો કે સેકટરોમાં ગત ઓકટોબર મહીનાથી માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે એક પણ સેકટરમાં માર્ગોનુ કામ આખરી થયુ નથી. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ થતા હજુ બે મહીના જેટલો સમય લાગશે.



# ચિલોડામાં રાહુલ ગાંધી અધ્યક્ષ બન્યા બાદ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઉજવણી

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો દ્વારા કોંગ્રેસ પક્ષના યુવાનેતા રાહુલ ગાંધી રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના અધ્યક્ષપદે બિરાજમાન થતાં ફટાકડા ફોડી ઉજવણી કરતાં યુવાવર્ગમાં ખુશીની લહેર પ્રસરવા પામી હતી. આ સાથે રાહુલ ગાંધીને યુવાનો દ્વારા અભિનંદન અને શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# સાયકલ-સ્કૂટરના ખરીદ-વેચાણ પહેલા ધ્યાન રાખવાની તકેદારી

ગાંધીનગર, તા. ૧૬

આતંકવાદી તત્વો પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલ/સ્કૂટરનો ઉપયોગ ન કરે તે માટે સાયકલ/સ્કૂટરની ખરીદી માટે આવનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ વગેરેની ખરાઈ કરવી તથા બિલમાં સાયકલનો પ્રકાર, ચેસીસ નંબર, ગ્રાહકનું પૂરું નામ-સરનામું, ટેલિફોન નંબર વગેરે વિગતો લખવી. આ ઉપરાંત બેટરીથી ચાલતા સ્કૂટર કે જેમાં આરટીઓનો પાસીંગ નંબર લેવાનો હોતો નથી તેવા વાહન વેચનારાઓએ ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી. સાયકલ/સ્કૂટર ખરીદનાર ગ્રાહકે ઓળખકાર્ડ ઉપરાંત રેશનકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રાણીઓ અથવા કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર પૈકી કોઈપણ એક પુરાવો વેચાણકર્તાને આપવાનો રહેશે. વેચાણ બિલમાં સ્કૂટરનો ફ્રેમ નંબર / ચેસીસ નંબર પણ અવશ્ય લખવાનો રહેશે. આ હુકમ તા.૯/૨/૨૦૧૮ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે તેમ પણ અમદાવાદ શહેર પોલીસ કમિશનરના જાહેરનામા દ્વારા જણાવવામાં આવ્યુ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ